# રક્ષાબંધન પર્વ ઉજવણી અહેવાલ

આજ રોજ  અમારા શાળા સંકુલમાં  ઓમકાર મૌલિક વિદ્યાલયમાં રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના દરેક વિદ્યાર્થીએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સૌપ્રથમ શાળાના આચાર્યશ્રી દ્વારા વિદ્યાર્થીઓને રક્ષાબંધનના તહેવારનું મહત્વ સમજાવતું વક્તવ્ય આપવામાં આવ્યું. ત્યારબાદ શાળાની બાલિકાઓએ કુમકુમ અક્ષતથી તિલક કરી ખુબ સુંદર રાખડી બાંધી અને મીઠાઈ ખવડાવી હતી ભાઈઓએ પણ તેમને યથાશક્તિ ભેટ પણ આપી. આ મધુર સ્મૃતિને સાચવી રાખવા માટે અમે ફોટો પણ લીધા. ત્યારબાદ વિદ્યાર્થીઓએ ગુરુજનોના આશીર્વાદ લીધા. વિદ્યાર્થીઓને આ તહેવારની ઉજવણીથી ખૂબ ખુશીની લાગણીનો અનુભવ થયો હતો.

હેતુ :–

આવા તહેવારોની ઉજવણીથી વિદ્યાર્થીઓ સામાજિક જીવનમાં તહેવારોનું મહત્વ અને સંબંધોનું મૂલ્ય સમજાય છે. આમ વિદ્યાર્થીઓ ભાઈ બહેનના પવિત્ર પ્રેમનો સંબંધનો ઉત્સવ રક્ષાબંધનનું મહત્વ સમજ્યા હતા.







